## અંકલેશ્વરમાં બેકાબૂ કાર ઘરમાં ઘૂસી, મોટી જાનહાનિ ટળી




**ગંગા-જમના** સોસાયટી પાસે બનેલી ઘટના

અંકલેશ્વર: અંકલેશ્વરની ગંગા-જમના સોસાયટીમાં એક કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર સોસાયટીની દીવાલ તોડી સીધી જ એક ઘરમાં ઘૂસી ગઈ હતી. આ અચાનક બનેલી ઘટનાથી વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જો કે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

મળતી માહિતી મુજબ કારચાલકનું વાહન પરથી અચાનક નિયંત્રણ ખસી જતાં કાર પહેલા રસ્તા પર ઊભેલી બીજી એક કારને અડફેટે લીધી હતી અને ત્યારબાદ સોસાયટીની દીવાલ તોડી ઘરમાં ઘૂસી ગઈ હતી. ઘટનાના પગલે સોસાયટીના રહીશો ભયભીત થઈ ઘરની બહાર દોડી આવ્યા હતા. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. આ અકસ્માતમાં મકાનની દીવાલ તથા બે વાહનોને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે ઘટનાના સમયે ઘરમાં કોઈને ગંભીર ઈજા ન થતાં મોટી દુર્ઘટના ટળી હતી.

# બુલેટ ટ્રેન અને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર ખેડૂતો માટે આફત!

**બંને** પ્રોજેક્ટ્સથી વૈજ્ઞાનિક ઢબે પાણીનો નિકાલ ન થતાં હજારો વીઘાં જમીન તળાવો બનતાં ખેડૂતો મુશ્કેલીમાં





ભરૂચ: ભરૂચ જિલ્લાના પશ્ચિમ ભાગમાંથી પસાર થતી બુલેટ ટ્રેન અને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કથિતપણે તઘલખી નિર્ણયને કારણે પાણીનો યોગ્ય નિકાલ ન થતાં ચોમાસામાં ખેડૂતોનાં ખેતરો તળાવો બની જતાં કફોડી હાલત ઉદભવી રહી છે. અસરગ્રસ્ત ખેડૂતોનો સીધો આક્ષેપ છે કે કરોડોના ખર્ચે ભલે પ્રોજેક્ટ બનતા હોય પણ ઈજનેરોએ ગ્રાઉન્ડ રિયાલિટીથી અજાણ રહીને પાણીના પ્રવાહનો નિકાલ ન કરતાં આખરે હજારો વીઘાં જમીનમાં પાણી ભરાતાં પાકનું નુકસાન વેઠી રહ્યા છે. તંત્રને રજૂઆતો છતાં કોઈ પરિણામ ન આવતાં ખેડૂતોમાં રોષ ભભૂકી રહ્યો છે. જો કોઈ ઉકેલ ન આવે તો નાછૂટકે આંદોલનનો માર્ગ અખત્યાર કરવાની ચીમકી આપી છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ તરીકે ઓળખાતો બુલેટ ટ્રેન લગભગ પૂર્ણતાના આરે છે. આ પ્રોજેક્ટ ભરૂચ જિલ્લાના પશ્ચિમ વિસ્તારનાં ગામડાંમાંથી લાઈન પસાર થાય છે. આ વિસ્તારના ખેડૂતો પણ પોતાની જમીન નવતર પ્રોજેક્ટ માટે જમીન તંત્રને સોંપી દીધી છે, જેમાં બુલેટ ટ્રેન સાથે ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આ બે પ્રોજેક્ટ તેજ ગતિમાં આગળ વધ્યા બાદ ખેડૂતોની અવદશા એ છે કે અવ્વલ નંબરની ઈજનેરી કૌશલ્યથી પ્રોજેક્ટ તૈયાર થયા પણ સ્થાનિક લેવલે નવા પ્રશ્નો ઊભા થતા ખેડૂતોની હાલત મુશ્કેલીરૂપ બની ગઈ છે.

અકળાયેલા ખેડૂતોએ જણાવ્યું કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં રેલવે ટ્રેક પરથી પાણીનો નિકાલ PVC પાઈપો નીચે ઉતારી દેવાયું છે અને વરસાદી પાણી આજુબાજુમાં ખેતરોમાંથી આવતું હોવાથી ખેતરો પાણીથી તળાવ જેવા બની જાય છે. જેને મહુધલા, ત્રાલસી, ત્રાલસા, દયાદરા, કેલોદ, પીપરીયા, થામ, કંથારીયા સહિતનાં અનેક ગામોના ખેડૂતોની હજારો વીઘાં જમીનમાં પાણી ભરાતાં પાક નષ્ટ થઈ જતો હોય છે. સાથે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પ્રોજેક્ટમાં પણ પાણીના નિકાલ માટે ખૂબ જ નાની જગ્યાઓ હોવાથી વરસાદી પાણી પસાર ભારે અગવડ પડે છે અને હાઈસ્પીડ રેલવે લાઈન અને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર બંને જમીન સપાટીથી ઊંચાઈ પર બનાવવામાં આવતાં પાણીનો નિકાલ થવામાં તકલીફો પડે છે. પાણીનો નિકાલ માટે વૈજ્ઞાનિક વ્યવસ્થા કરવાને બદલે સીધા પાઈપો નાંખી દેવાયા છે.

ખેડૂતોએ જણાવ્યું કે, અમે કોઈ પ્રોજેક્ટનો વિરોધ નથી કરતા, પણ વરસાદી પાણીનો બરાબર નિકાલ કરાવી આપો એવી માંગ છે. જો વહેલી તકે સમસ્યાનો ઉકેલ નહીં આવે અને ખેતરોમાં ભરાતા વરસાદી પાણી માટે નિકાલ ન થાય તો આગામી દિવસમાં ઉગ્ર આંદોલનનું રણશિંગુ ફુંકાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણામાં બાકી પૈસાની ઉઘરાણી કરવા ગયેલા યુવક પર હુમલો

પલસાણા: સુરતના ગોડાદરા વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા પુરખારામ રૂપારામ બાબલ (ઉં.વ.૩૨)ને ગત ૧૮ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૯ વાગ્યે અમરસિંગ પનસિંગ રાજપૂતે ફોન કર્યો હતો. અમરસિંગે તેને જણાવેલ કે, તમારા બાકી પૈસા તૈયાર છે, હું લોકેશન મોકલું છું, ત્યાં આવીને લઈ જાઓ. લોકેશન મળતા જ પુરખારામ પોતાનો પિકઅપ ટેમ્પો લઈને બગુમરા ગામની સીમમાં આવેલી મહાદેવ સોસાયટી પાસે પહોંચ્યો હતો. ત્યાં પહોંચતા જ પૂર્વનિયોજિત કાવતરા મુજબ અમરસિંગ અને તેની સાથેના અન્ય પાંચ શખ્સોએ પુરખારામ પર હુમલો કરી દીધો હતો. આરોપીઓએ ફરિયાદીને જાહેર રસ્તા પર ગાળો આપી, જમીન પર સૂવડાવી દઈને પટ્ટા અને લાતો વડે બેરહેમ માર માર્યો હતો. આ હિંસક હુમલામાં પુરખારામના નાકના હાડકામાં ફ્રેક્ચર થયું હતું અને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. હુમલો કર્યા બાદ તમામ આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરત સિવિલ અને ત્યારબાદ ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં ખસેડવામાં આવ્યો હતો. પલસાણા પોલીસે આ મામલે અમરસિંગ પનસિંગ રાજપૂત સહિત કુલ ૬ આરોપી અમરસિંગ પનસિંગ રાજપૂત, કમલ, પ્રેમસિંગ, નિલેશ, નરેશ, શિવા સામે ગુનો નોંધ્યો છે.

### અંકલેશ્વરમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ગેરરીતિના આક્ષેપ, કોંગ્રેસનું આવેદન

અંકલેશ્વર: અંકલેશ્વર વિધાનસભા વિસ્તારમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન ગેરરીતિ આચરાઈ હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. અંકલેશ્વર વિધાનસભા વિસ્તારમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા પ્રક્રિયા એટલે કે એસઆઈઆર દરમિયાન ગંભીર અનિયમિતતાઓ થયાની ફરિયાદ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. સાથે જ જમા કરાયેલાં તમામ ફોર્મની વિગતવાર યાદી તાત્કાલિક ઉપલબ્ધ કરાવવા પણ માંગ ઉઠાવવામાં આવી છે. જો માંગ સંતોષવામાં નહીં આવે તો પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય દ્વારા કોર્ટમાં કાર્યવાહી કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

### સિંગલ યૂઝ પ્લાસ્ટિકના ચેકિંગમાં દંડ વસૂલાયો

રાજપીપળા: રાજપીપળા નગરપાલિકા દ્વારા છેલ્લા ઘણા દિવસોથી સ્વચ્છતા અને સિંગલ યૂઝ પ્લાસ્ટિકની ઝુંબેશ હાથ ધરાઈ છે. જેના ભાગરૂપે નગરપાલિકા સેનેટરી વિભાગની ટીમ દ્વારા નગરમાં વિવિધ વિસ્તારોમાં આવેલ દુકાનોમાં અને ખાણી પીણીની લારીઓ પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. નિયમોનો ભંગ કરનારા વેપારીઓ પાસેથી રૂ.૨૦,૦૦૦ જેટલો દંડ વસૂલ કરાતાં અન્ય વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો.

### પીપોદરામાં શ્રમજીવી યુવાનનો મોબાઇલ ચોરાયો

હથોડા: મૂળ ઓરિસ્સાનો વતની અને વર્ષોથી પીપોદરા જીઆઇડીસીમાં ફેક્ટરીમાં કામ કરીને બંસરી સોસાયટીમાં પ્રભાકર ભાઈની બિલ્ડિંગમાં રહેતો ટૂંકુના બંસી બીસોઇ (ઉં.વ.36) ગત તા.16-1-2026ના રોજ પોતાનો વિવો કંપનીનો મોંઘો મોબાઇલ પોતાની પાસે રાખીને સૂઈ ગયો હતો. જે કોઈ ચોરી ઇસમ લઈ ગયો હતો. આ મોબાઇલની શોધખોળ કર્યા બાદ નહીં મળતાં સૌપ્રથમ ઇ-એફઆઇઆર કરી હતી. જેને પગલે આખરે કોસંબા પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

### ધી કડોદ હાઇસ્કૂલમાં વાર્ષિકોત્સવ અને શિક્ષકોનો સન્માન સમારંભ યોજાયો




સુરત: શિક્ષણ, સંસ્કાર અને શિસ્તના ત્રિવેણી સંગમ એવી ધી કડોદ હાઇસ્કૂલ કડોદમાં ધી કડોદ વિભાગ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ કેતનભાઈ પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ગાંધી, મંત્રી પ્રતાપસિંહ દેસાઈ, ખજાનચી પિનાકીન શાહ તથા આમંત્રિત મહેમાનોના સાનિધ્યમાં વાર્ષિકોત્સવ તથા સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય સુનીલભાઈ રાજપૂતે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી તેમને આવકારતા શાળાની સિદ્ધિઓ અને પ્રગતિ વર્ણવી તેમજ વિદ્યાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શન આપ્યું હતું. કડોદ હાઈસ્કૂલમાંથી જવલંત સફળતા મેળવી ડોક્ટર, એન્જિનિયર કે વિવિધ શાખાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ ડાન્સ, એકપાત્રીય અભિનય, ડાંગી નૃત્ય, રાસ-ગરબા, વ્યસનમુક્તિ નાટક, કોમેડી ડાન્સ જેવી થનગનાટ અને ઉત્સાહથી ભરપૂર કૃતિઓ વિદ્યાર્થીઓએ રજૂ કરી તેમનામાં રહેલી વિશિષ્ટ પ્રતિભાના દર્શન કરાવ્યાં હતાં. આ પાવન પ્રસંગે કડોદ વિભાગ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ તથા મંડળ દ્વારા પોતાના વિષયમાં ૧૦૦% પરિણામ લાવી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં યોગદાન આપી તેમની કારકિર્દી ઘડનારા કર્મનિષ્ઠ શિક્ષકોનું મોમેન્ટો દ્વારા સન્માન કરી ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. અંતે શાળાના સુપરવાઇઝર જિતેન્દ્રભાઈ કરજણવાલાએ કાર્યક્રમને સફળ બનાવનારા સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

### જંબુસરમાં મુસ્લિમ મતદારોનાં નામ કમી કરવાના આક્ષેપ સાથે આવેદન

ભરૂચ: જંબુસર શહેર અને તાલુકાના મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા મતદાર યાદીમાં મુસ્લિમ મતદારોને લક્ષિત કરીને કરવામાં આવેલી વાંધા અરજીઓ સામે સખત વિરોધ નોંધાવતાં પ્રાંત અધિકારીને એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. જંબુસર નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા શાકીર મલેકની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં ઊમટી પડેલા આગેવાનોએ વહીવટી તંત્રને રજૂઆત કરી હતી કે, જંબુસર વિધાનસભા મત વિસ્તારમાં મુસ્લિમ મતદારોના નામ ઈરાદાપૂર્વક મતદારયાદીમાંથી કમી કરવા માટે પાયાવિહોણી વાંધા અરજીઓ કરવામાં આવી રહી છે. ભરૂચ જિલ્લામાં ખાસ મતદારયાદી સુધારણા ઝુંબેશ બાદ જ્યારે મુસદ્દા મતદારયાદી જાહેર કરવામાં આવી છે, ત્યારે વિપક્ષી નેતાઓએ આક્ષેપ કર્યો છે કે ચોક્કસ સમુદાયને નિશાન બનાવીને લોકશાહીના અધિકારો પર તરાપ મારવામાં આવી રહી છે.

# લગ્નના છ માસમાં ડેડિયાપાડાના ટીડીઓ અને પત્ની વચ્ચે બખેડો!

**સાસુનું** ગળું દબાવ્યું કે પત્નીને ત્રાસ? દંપતીનો કેસ કોર્ટમાં

ડેડિયાપાડા: ડેડિયાપાડા તાલુકાના TDOનું લગ્નજીવન વિવાદોના વમળમાં ફસાયું છે. લગ્નના માત્ર 6 મહિનાના ટૂંકા ગાળામાં જ પતિ-પત્ની વચ્ચેનો વિવાદ હવે પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. એક તરફ પત્ની પ્રિયંકા સોનીએ પતિ અને સાસરિયા વિરુદ્ધ દહેજ ઉત્પીડન અને શારીરિક-માનસિક ત્રાસના ગંભીર આક્ષેપો કર્યા છે, તો બીજી તરફ સાસુ જશોદાબેન સોનીએ પુત્રવધૂ વિરુદ્ધ જીવલેણ હુમલો અને મારપીટની વળતી ફરિયાદ નોંધાવી છે. TDO જગદીશ સોનીનાં લગ્ન ગત તા.8મી જૂન 2025ના રોજ રાજસ્થાન-જયપુરની પ્રિયંકા સાથે થયાં હતાં. પત્ની પ્રિયંકા સોનીએ DIG અને એડીજીપી (ગૃહ વિભાગ)ને કરેલી લેખિત ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, પતિ જગદીશ સોની, સાસુ અને નણંદ દ્વારા તેને 50 લાખ રૂપિયાના દહેજ માટે શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. પત્નીએ પોલીસ પર પણ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, 112 અને 181 હેલ્પલાઈન પર જાણ કરવા છતાં રાજકીય દબાણને વશ થઈ પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી અને ઊલટાનું સમાધાન માટે દબાણ કરી રહ્યા છે.

જગદીશ સોનીનાં માતા જશોદાબેન પરસોત્તમદાસ સોનીએ પણ પુત્રવધૂ પ્રિયંકા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ આપી છે. પુત્રવધૂ પ્રિયંકા સોનીએ તેના બીમાર પતિ સાથે ઝઘડો કર્યો હતો અને ત્યારબાદ રૂમમાં પૂરીને સાસુ પર જીવલેણ હુમલો કર્યો હતો. ફરિયાદમાં પ્રિયંકાએ સાસુનું ગળું દબાવી, ઢીકાપાટુનો માર મારી અને આંગળીઓ મચેડી નાંખી ફેક્ચર જેવી ઈજાઓ પહોંચાડી હતી. આ કેસમાં પત્નીએ આક્ષેપ કર્યો છે કે, તેના પતિના નર્મદા-ભરૂચ જિલ્લાના એક મોટા રાજકીય નેતા સાથે સંબંધો હોવાથી તેમને સલામતી મળી રહી છે.

### કોર્ટ ટ્રાયલ પહેલા મીડિયા ટ્રાયલ કરવી છે: ટીડીઓ જગદીશ સોનીનો આક્ષેપ

આ અંગે જગદીશ સોની સાથે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, પત્ની પક્ષના આરોપો પાયાવિહોણા છે, આ મેટર સબ જ્યુડિશિયલ છે અને પત્ની પક્ષને કોર્ટ ટ્રાયલ પહેલા મીડિયા ટ્રાયલ કરીને વુમન કાર્ડ રમવું છે. તેઓ પચાસેક લાખના દાગીના લઈને ફરાર છે. તેમજ માતા પર એટેક કરી હોવાનો કેસ પણ પેન્ડિંગ છે. તેમની સામે FIR દાખલ થઇ છે એટલે તે ગભરાયેલાં છે. એટલે એટલે સિમ્પથી માટે સોશિયલ મીડિયામાં આક્ષેપો કરે છે.

# આવો વિકાસ?: બાળકો ગંદકી ખૂંદીને શાળાએ જવા મજબૂર!

**બારડોલીના** કડોદમાં ગટર ઊભરાતા રસ્તા બન્યા નર્કાગાર



સુરત: કડોદ ગામે છેલ્લા ૧૫ દિવસથી ગટર વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાતાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ નર્કાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. કડોદના ભીંડી બજારથી કડોદ હાઈસ્કૂલ તરફ જતા મુખ્ય માર્ગ પર ગટરના ગંદા પાણી ફરી વળતા સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ મુખ્ય માર્ગ હોવાથી રોજેરોજ હજારો વિદ્યાર્થીઓએ ગંદા અને દુર્ગંધયુક્ત પાણીમાંથી પસાર થઈને શાળાએ જવું પડે છે. ગંદા પાણીના ભરાવાને કારણે બાળકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. છેલ્લા બે સપ્તાહથી ગટર ઉભરાતી હોવા છતાં ગ્રામ પંચાયત દ્વારા કોઈ ઉકેલ લાવવામાં ન આવતાં સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. પંચાયતની ઉદાસીનતા સામે આક્રોશ: સ્થાનિક રહીશોના જણાવ્યાનુસાર આ ગંભીર સમસ્યા અંગે પંચાયતના સભ્યો અને સત્તાધીશોને અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, તંત્રના પેટનું પાણી હલતું નથી. સ્થાનિક પ્રતિનિધિઓ પ્રજાની વેદના પ્રત્યે નીરસ હોય તેવો આક્ષેપ રહીશો કરી રહ્યા છે. ગંદા પાણીના સતત પ્રવાહને કારણે વિસ્તારમાં મચ્છરોનો ભયંકર ઉપદ્રવ વધ્યો છે. જો તાકીદે ગટર લાઈન સાફ કરવામાં નહીં આવે તો અહીં ભયાનક રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે. સ્થાનિક રહીશો કહે છે કે, અમે થાકીને હારી ગયા છીએ. બાળકો ગટરના પાણીમાં ચાલીને સ્કૂલે જાય છે. શું તંત્ર કોઈના મોતના સમાચારની કે મોટી બીમારી ફાટી નીકળવાની રાહ જોઈ રહ્યું છે?

# અંકલેશ્વર નગરપાલિકામાં લાંચકાંડ મુદ્દે પ્રમુખને રજા ઉપર ઉતારી દેવાયાં

**વાયરલ** ઓડિયો, રાજકીય ભારે દબાણ અને 'રજા'નું રાજકારણ, ઉપપ્રમુખને ચાર્જ સોંપાયો

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર નગરપાલિકાનાં મહિલા પ્રમુખ લલીતાબેન રાજપુરોહિત સામે કોન્ટ્રાક્ટર પાસેથી રૂ.50 હજારની લાંચ માંગતી કથિત ઓડિયો ક્લિપ વાયરલ થતાં સ્થાનિક રાજકારણમાં ગંભીર સંકટ ઊભું થયું છે. આ વિવાદ માત્ર એક વ્યક્તિ સામેના આક્ષેપ પૂરતો સીમિત નથી, પરંતુ શહેરી સ્વરાજ સંસ્થાઓમાં પારદર્શિતા, જવાબદારી અને રાજકીય નૈતિકતાના પ્રશ્નોને ફરી એકવાર કેન્દ્ર સ્થાને લાવે છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ ઓડિયો ક્લિપમાં નગરપાલિકા પ્રમુખ તથા તેમના પતિ દ્વારા કોન્ટ્રાક્ટર પાસે અનિયમિત કામગીરી બદલ લગાવાયેલા દંડમાં રાહત આપવા બદલ લાંચની માંગ થતી હોવાનું સંભળાય છે. જો કે, આ ઓડિયોની ફોરેન્સિક પ્રમાણિકતા હજી સુધી અધિકૃત રીતે સાબિત થઈ નથી. છતાં, જાહેર જીવનમાં રહેલા પદાધિકારીઓ માટે 'આભાસ પણ દોષ સમાન' માનવામાં આવતો હોવાથી રાજકીય અને નૈતિક દબાણ ઊભું થયું છે. સામે નગરપાલિકાની ચૂંટણી આવતાં એક તબક્કે છબી ખરડાવાના અંદેશો દેખાતા સ્થાનિક લેવલે ચિંતા વ્યાપી ગઈ હતી. જિલ્લા ભાજપે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પ્રમુખને સીધુ રાજીનામુ લેવડાવવાને બદલે 'બાકી ટર્મ માટે રજા' પર મૂકવાનો મધ્યમ માર્ગ પસંદ કર્યો હતો. લલિતાબેન રાજપુરોહિતને પ્રમુખ પદેથી હટાવીને ઉપપ્રમુખ ભાવેશ કાયસ્થને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# રોંગ સાઇડ આવતી કારે બાઇકને અડફેટે લીધી, એકનું મોત

**ભોટનગર**-કુરી ગામ વચ્ચે કાર અને બાઈક અથડાઈ, બે મિત્ર ઘાયલ



નેત્રંગ: નેત્રંગ-રાજપારડી રોડ પર પૂરપાટ ઝડપે આવતી એક ઈકો કારના ચાલકે રોંગ સાઈડમાં વાહન હંકારી બાઈકને અડફેટે લેતાં ૨૨ વર્ષીય યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે યુવાન ગંભીર રીતે ઘાયલ થયા છે.

નેત્રંગના કોલીવાડ ગામે રહેતા અને ઝઘડિયા GIDCમાં નોકરી કરતા ૨૨ વર્ષીય નિલેશભાઈ ગણપતભાઈ વસાવા ગત ૧૯મી તારીખે સાંજે છ વાગ્યાના સુમારે પોતાના મિત્રો અજય વસાવા અને સુમિત વસાવા સાથે બાઈક નં.(GJ-16-BL-7719) પર નેત્રંગ બજારમાં વાળ કપાવવા આવ્યા હતા. વાળ કપાવીને પરત ઘરે જતી વખતે રાત્રે સાડા સાતેક વાગ્યે ભોટનગર અને કુરી ગામ વચ્ચે સામેથી આવતી ઈકો કાર નં.(GJ-16-BD-7134)ના ચાલકે ગફલતભરી રીતે રોંગ સાઈડમાં આવી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નિલેશ વસાવાને છાતી અને પગના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેની સાથે સવાર અજય વસાવા (ઉં.વ.૨૨) અને સુમિત વસાવા (ઉં.વ.૧૫)ને હાથ-પગે ફેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે નેત્રંગ રેફરલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજપીપળા સિવિલ અને ત્યાંથી અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત બાદ ઈકો કારનો ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. મૃતકના પિતા ગણપતભાઈ વસાવાની ફરિયાદના આધારે નેત્રંગ પોલીસે ઈકો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મરઘીની મિજબાની માણવા જતાં દીપડી પાંજરે પુરાઈ

**ઉમરા** ગામે છેલ્લા ઘણા દિવસોથી દીપડી આંટાફેરા કરતી હતી



મેહુલ પટેલ

અનાવલ: અંબિકાના ઉમરા ગામે છેલ્લા ઘણા દિવસોથી રહેણાક તેમજ ખેતરાળ વિસ્તારમાં પરિવાર સાથે નિર્ભય રીતે ફરતા દીપડા નજરે પડતા હતા. સાથે સાથે પાલતું મરઘાં અને ફળિયામાં ફરતાં કૂતરાંનો શિકાર થવાના બનાવો વધતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ અંગે ઉમરા ગ્રામજનોએ મહુવા વન વિભાગના અધિકારીઓને જાણ કરતાં મહુવા વન વિભાગની ટીમ દ્વારા ઉમરા ગામે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. પાંજરામાં મારણ તરીકે મરઘી મૂકીને દીપડાને ઝબ્બે કરવાની કવાયત હાથ ધરાઈ હતી. જે અંતર્ગત સોમવારે એક ત્રણ વર્ષની કદાવર દીપડી પાંજરા નજીક આવી હતી. પાંજરામાં મૂકેલું મારણ જોઈ દીપડી લલચાઈ ગઈ અને તેને ખાવા જતાં આબાદ રીતે પાંજરે પુરાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં વન વિભાગના અધિકારીઓ સ્થળ પર પહોંચી પાંજરે પુરાયેલી દીપડીનો કબજો લીધો હતો. દીપડી પાંજરે પુરાતાં મહુવા વન વિભાગના અધિકારીઓ તેમજ ગ્રામજનોએ રાહતનો દમ લીધો હતો.


**સત્તરમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



હંમેશા ઉચ્ચ ધ્યેય સાથે પરિવાર તથા સમાજના સર્વાંગી વિકાસ અને ઉચ્ચ સંસ્કાર અર્થે જીવનના છેલ્લા શ્વાસ સુધી ઝઝૂમી રહ્યા, આપની કાર્યશક્તિથી અનેકને પ્રેરણાદાયી બનાવી ગયા. આપના જીવનની નિખાલસતા અને જીવન જીવવાની શૈલી અમારા માટે પ્રેરણારૂપી બની રહેશે. પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. એસ.યુ. પટેલ
સ્વ. તા. ૨૧-૦૧-૨૦૦૯

લિ.
તેજસ સુમંતભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
૭૧, ગુજરાત હા. બોર્ડ, બીલીમોરા


**જાહેર નોટીસ**

**એચ. જે. સોલંકી, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ વ્યારાની કોર્ટમાં**

કેસ નં. ૨૪૫/૨૦૨૫

અરજદાર :- અમાબેન જીવલાભાઈ ચૌધરી રહે. નિશાળ ફળિયુ, કણજા, તા. વ્યારા, જિ. તાપી

વિરુદ્ધ

સામાવાળા :- રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને તલાટી કમ મંત્રીશ્રી, તા. વ્યારા જિ. તાપી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત નંબરના કેસમાં અમાબેન જીવલાભાઈ ચૌધરીનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૧ના રોજ મોજે કણજા, તા. વ્યારા જિ. તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી તલાટી કમ મંત્રીશ્રી, ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રીશ્રી, ને હુકમ કરવા ઉપરોકત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઇને વાંધો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-30માં અત્રેની કોર્ટમાં અથવા સંબંધિત ગ્રામપંચાયત કચેરી/નગરપાલિકા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા. / / ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

Sd/-
(એચ. જે. સોલંકી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વ્યારા, જિ.તાપી


Milano MULTIPLEX
બારડોલી

The Raja Saab
10:00am, 01:30pm, 06:00pm, 09:00pm,

Jai Kanhaiyalall Ki-Gujarati
02:30pm, 09:30pm

One Two Cha Cha Chaa
03:00pm, 10:00pm

Dhurandhar : 05:00pm

Rahu Ketu : 12:00pm, 07:00pm

Bihu Attack : 11:00am

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


**વેચાણ અંગેની જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રક્ટ-તાપી, સબ ડિસ્ટ્રક્ટ-વાલોડ, મોજે-બુટવાડા, ખાતા નં-૨૪, જેનો બ્લોક નંબર ૩૨૨, જેમાં જરાયત ૨-૬૮-૦૦, પો.ખ.અ. ૦-૦૬-૦૦ વાળી જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચોમી ૨-૭૪-૦૦, જેનો આકાર રૂા. ૧૯.૮૫ પૈસા, વાળી ખેડ ખાતાની જુની શરતની ખેતીલાયક જમીન જેમાં (૧) શૈલેષભાઈ ધીરજભાઈ ભકત (૨) ભુપેન્દ્રભાઈ ધીરજભાઈ ભકત (૩) પ્રકાશભાઈ ધીરજભાઈ ભકત, તમામ રહે-બાજીપુરા, તા-વાલોડ, જી-તાપીના રહેવાસી હોય જેમની સંપુર્ણ અને સંયુક્ત માલીકી તથા પ્રત્યક્ષ કબ્જા ભોગવટા તેમજ વહીવટ થી ચાલી આવેલ છે. તથા તે તમામ પ્રકારના બોજાથી મુકત આવેલી હોવાનું જણાવી તેમજ હમારા અસીલનાઓને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. સદરહું જમીન અંગેના ટાઇટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે. તો સદરહું જમીન ઉપર અન્ય કોઇપણ વ્યકિત, બેંક, પેઢી કે સંસ્થાનો કોઇ પણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો દાવો કે બોજો, ગણોત હકક કે ખેડ હકક ઇત્યાદી કાંઇ પણ હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં તે અંગેના તમામ દસ્તાવેજી પુરાવાઓ સહિત અમોને લેખિતમાં જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ. પોસ્ટ.એડીથી કરવી. જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો મુદત વિત્યા બાદ સદરહું જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, વાંધો, ફરિયાદ કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે તેમ સમજી અમો સદરહું જમીનનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહું જમીન ખરીદવાની કાર્યવાહી વેચાણ દસ્તાવેજ કરી પુર્ણ કરવામાં આવશે જેની નોંધ લેવી.

તા-૨૦/૦૧/૨૦૨૬

મામલતદાર ઓફીસની સામે વાલોડ, તા-વાલોડ, જી-તાપી

કિરણસિંહ કે. રાઠોડ
તે ખરીદનારના એડવોકેટ